રાજસ્થાન કોટા શહેરમાં એક કરોડ સીત્તેર લાખની લુંટ કરી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી,
સુરત શહેર ક્રાઇમ બ્રાંચ :-

નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માંટે રાજ્ય વ્યાપી ઝુંબેશ શરૂ કરેલ. તે અનુસંધાને ક્રાઇમ બ્રાંચના પો.સબ.ઇન્સ. વી.જે. ચાવડાનાઓની ટીમ નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા અંગેના વર્કઆઉટમાં જોડાયેલ તે દરમ્યાન ટીમનાં અ.હે.કો. અભયસિંહ વજેશંગભાઇ અને અ.હે.કો. જીગ્નેશભાઈ મણીલાલભાઈને મળેલ બાતમીના આધારે પરવત પાટીયા ગંગા હોટલ પાસેથી આરોપી તારસીંગ ઉર્ફે તારૂ મોહનજી રાજપુરોહીત ઉ.વ.૨૧ રહે-પ્લોટ નં.૧૫, દીપાંજલી સોસા, ભૈયાનગર, પુણા, સુરત. મુળ રહે- અસાડા ગામ, થાના-બાલોતરા જી-બાડમેર રાજસ્થાન નાને ઝડપી પાડી દિલ્લીમાં ઈલેક્ટ્રોનીક્સ સપ્લાયના વ્યવસાય સાથે સંકળાયેલા ગૌતમકુમાર સોનાજી શાહનાઓ પોતાના વ્યવસાયના એકત્રિત કરેલ રોકડા રૂપીયા ૧,૭૦,૦૦,૦૦૦/- (એક કરોડ સીત્તેર લાખ રૂપીયા) લઈ દિલ્લીથી મુંબઈ જવા માટે સ્વરાજ એક્સપ્રેસ ટ્રેનમાં નીકળેલ. તે દરમ્યાન અગાઉથી ટ્રેનમાં બેસેલ મજકૂર આરોપી તારસીંગ ઉર્ફે તારૂ મોહનજી રાજપુરોહીત નાએ ફરીયાદીશ્રી પાસે રહેલ રોકડા રૂપીયાનો થેલો આંચકી ચાલુ ટ્રેનમાંથી કુદી ભાગી ગયેલ. આ લુંટમા મજકૂર આરોપીની સાથે અન્ય ચાર આરોપી હતા જે પણ લુંટને અંજામ આપી ત્યાંથી ફરાર થઈ ગયેલ. ફરીયાદીશ્રીની ઓફીસ દિલ્લી ખાતે હતી તે ઓફીસ સહ આરોપી નરપતનો ભાઈ નોકરી કરતો જેને ફરીયાદીશ્રી રૂપીયા લઈ નિકળે છે તે મુજબની ટીપ આપેલ. જે આધારે મજકૂર પકડાયેલ આરોપી સાથે અન્ય ચાર આરોપી ફરી.શ્રી સાથે ટ્રેનમા બેસી અને ફરી.શ્રીએ ક્યાં બેસેલ છે તેમજ રૂપીયાની બેગ ક્યા રાખેલ તે જાણી ટ્રેનમાં રેકી કરી કોટા સ્ટેશન આવતા ફરી.શ્રી પાસે રહેલ રોકડા રૂપીયાની બેગ લઈ મજકૂર આરોપી ભાગી ગયેલ. જે અનુસંધાને કોટા જીઆરપી પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૦૩/૧૯ ઇ.પી.કો. કલમ ૩૯૫,૧૨૦(બી),૨૦૧ મુજબ ગુનો નોંધવામાં આવેલ. આ ગુનામાં લૂંટ કરેલ રોક્ડા રૂપીયા મજકૂર આરોપીએ પોતાના ઘરે રાખેલ હોઈ રાજસ્થાન કોટા જી.આર.પી. પોલીસની ટીમે મજકૂર આરોપીના પિતાજી સાથે અન્ય ત્રણ આરોપીની ધરપકડ કરી મુદ્દામાલ રીકવર કરેલ. ઉપરોક્ત ગુનામા મુખ્ય સુત્રધાર મજકૂર આરોપી નાસતો ફરતો હોઈ ઝડપી પાડી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ  છે.